અપીલ અરજી નં.૮૫ તા.૫–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી નિર્મલાબેન વસંતલાલ રાણા
સામાવાળાઃ– ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિર્મલાબેન વસંતલાલ રાણાની તા.૫–૫–૧૦ ની અરજીથી હમોએ આપશ્રીને પુરાવામાં માગેલ તો હમારું સીવીલ કોર્ટનું પ્રોપર ૪૫/૮૯ ઉત્તમરામ દલપતરામ દાવો અમારી ઉપર કરેલ જેની એસ.એમ.સી. નોર્થઝોનને તથા વેચાણ લેનારને પણ પોતાના વેચાણ કબજા રસીદમાં ઉ.દ. જ પોતે વેચાણ આપનાર તરીકે જણાવેલ છે. કે મારી મીલકત કોઈપણ દરદાવામાં ગીરો, બક્ષીસમાં આપેલ નથી. તો તેની મીલકતમાં તેમને ૪૫/૮૯ પ્રોપર દાવો કરેલ અમો પણ તમોએ તેમની ઉપર કયા સરકારી રાહે પગલા લીધા શું નોટીસો આપી? શું કાર્યવાહીઓ અત્યાર સુધી કરી એ તમામ ની આર.ટી.આઈ મુજબ માહિતી આપવા વિ. મુદ્દા નં.૧ થી ૮ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૫–૬–૧૦ ની **SMC/FAP/** નં.૮૫/૨૦૧૦–૧૧

શ્રી નિર્મલાબેન વસંતલાલ રાણાની તા.૫–૫–૧૦ ની અરજીથી હમોએ આપશ્રીને પુરાવામાં માગેલ તો હમારું સીવીલ કોર્ટનું પ્રોપર ૪૫/૮૯ ઉત્તમરામ દલપતરામ દાવો અમારી ઉપર કરેલ જેની એસ.એમ.સી. નોર્થઝોનને તથા વેચાણ લેનારને પણ પોતાના વેચાણ કબજા રસીદમાં ઉ.દ. જ પોતે વેચાણ આપનાર તરીકે જણાવેલ છે. કે મારી મીલકત કોઈપણ દરદાવામાં ગીરો, બક્ષીસમાં આપેલ નથી. તો તેની મીલકતમાં તેમને ૪૫/૮૯ પ્રોપર દાવો કરેલ અમો પણ તમોએ તેમની ઉપર કયા સરકારી રાહે પગલા લીધા શું નોટીસો આપી? શું કાર્યવાહીઓ અત્યાર સુધી કરી એ તમામ ની આર.ટી.આઈ મુજબ માહિતી આપવા વિ. મુદ્દા નં.૧ થી ૮ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં કોઈ પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૩૪૨ તા.૧૪–૬–૧૦ થી ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૧૧૮તા.૨૩–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી કાર્યપાલક ઈજનેર નોર્થઝોનને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૦૫ તા.૬–૫–૧૦ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્રનં.એ.ઝેડ/આ.નં.૧૩૭ તા.૩૧–૫–૧૦ ના પત્રની નકલ, અપીલ નં.૪૨૫ /૦૮–૦૯ ના હુકમની નકલ, અરજદારને ઈન્સ્પેકશન અંગે પાઠવેલ પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૨૧૩ તા.૧૯–૫–૦૯ ના પત્રની નકલ, અરજદારની તા.૨૫–૫–૦૯ નો પત્રની નકલ, અરજદારની પ્રિન્સીપલ સીનીયર સિવીલ જજની અદાલત, સુરત પ્રોપર અરજી નં.૪૫ /૧૯૮૯ ના તા.૫–૭–૦૮ના હુકમની નકલ, અરજદારને ઈન્સ્પેકશન અંગે પત્ર નં.એન.ઝેડ/૨૪૨ તા.૨–૬–૦૯ ના પત્રની નકલ, શ્રી વી ડી જરીવાલાનું તા.૯–૬–૦૯ ના નિવેદનના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૪૦૯ તા.૧૨–૮–૦૯ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૫–૫–૧૦ની અરજીથી મુદ્દા નં.૧ થી ૮ ની આકારણી સંદર્ભે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામને સંબોધતી સેન્ટ્રલઝોનમાં તા.૫–૫–૧૦ ના રોજ કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન મારફતે પત્ર નં.સે.ઝોન /આરટીઆઈ/જાવક/ ૨૦૫ તા.૬–૫–૧૦ થી કાર્યપાલક ઈજનેર કતારગામઝોનને તબદીલ કરવામાં આવેલ. મુદ્દા નં.૧. હમોએ આપશ્રીને પુરાવામાં માગેલ તો હમારું સીવીલ કોર્ટનું પ્રોપર ૪૫/૮૯ ઉત્તમરામ દલપતરામ દાવો અમારી ઉપર કરેલ જેની એસ.એમ.સી. નોર્થઝોનને તથા વેચાણ લેનારને પણ પોતાના વેચાણ કબજા રસીદમાં ઉ.દ. જ પોતે વેચાણ આપનાર તરીકે જણાવેલ છે. કે મારી મીલકત કોઈપણ દરદાવામાં ગીરો, બક્ષીસમાં આપેલ નથી. તો તેની મીલકતમાં તેમને ૪૫/૮૯ પ્રોપર દાવો કરેલ અમો પર તમોએ તેમની ઉપર કયા સરકારી રાહે પગલા લીધા શું નોટીસો આપી? શું કાર્યવાહીઓ અત્યાર સુધી કરી એ તમામ ની આર.ટી.આઈ મુજબ માહિતી મેળવવા સહી સિકકાવાળી નકલો મેળવવા તથા તેમને વેચાણ કરેલ કબ્જા રસીદ ખોટી ગણાય કે કેમ? મુદ્દા નં.૨ શ્રી ગામીત સાહેબ દિપકસાહેબ તથા એસએમસી નોર્થઝોનના માહિતી અધિકારી શ્રી મુસાજી તમામ રૂબરૂ અમોએ ૪૫/૮૯ પ્રોપર દાવાનું જજમેન્ટ તથા તેનું છેલ્લું લખાણ તમારી રૂબરૂ કરેલ તેમાં ઉત્તમરામ દલપતરામ જરીવાલા સ્ટેમ્પપેપર પર સાલ ૧૯૮૬ પર લવાદી કરાર બતાવેલ તેની ઓરીજનલ કોપી તથા નિર્મલા વસંતલાલ જરીવાલા એફીડેવીટ પર સહી કરેલ તે તમામની ૫ વ્યકિતની રૂબરૂ જોવાનું રાખેલ તેનું શું થયું? વર્ષ આખું નિકળી ગયું? કયા કારણસર? નિર્મલા વસંતલાલ જરીવાલા નિવેદન આપ્યું તથા બીજી અરજી પર સહીઓ કરેલ હતી તે સહીઓ મેળવવામાં શું કર્યુ. તે તમામ બાબતની અત્યાર સુધી કોઈ પણ પગલા લીધા નથી? કયા કારણસર અમોને અત્યાર સુધી જાણ કરી નહીં. તેની માહિતી તથા છેલ્લું લખાણ ગામીત મુસાજી તથા દિપક શુકલ સાહેબ રૂબરૂ થયેલ તેની સહી સિકકાવાળી નકલ મેળવવા આરટીઆઈ મુજબ. (૩) એસએમસી નોર્થઝોનના આકારણી ખાતાના કે સી. મીસ્ત્રી તથા દિપક શુકલ સાહેબનો પત્ર અમોને મળ્યો કે તમો બાકી વેરો ભરી દો પછીથી તમારું નામ ચઢાવવામાં આવશે તો અમોએ ચેકથી તમામ બાકી વેરાના રૂપિયા ભરી દીધા તથા અમારું નામ કેમ ચઢાવવામાં આવ્યું નથી કયા કારણસર વેરાના ચુકતે રૂપિયા ભરાવ્યા કયા હેતુથી ભરાવ્યા કયા કારણોથી ભરાવ્યા તે તમામની અત્યાર સુધીની માહિતી સહી સિકકાવાળી નકલો આરટીઆઈ મુજબ મેળવવા. (૪) એસએમસી ના દિપક શુકલ સાહેબોને જજ મેળવી નકલ આપેલ તેમાં ચુકાદામાં તમામ વિગતો ખુલાસા ભરી ૪૫/૮૯ પ્રોપરમાં જજમેન્ટ કરવામાં આવેલી તેમ છતાં પણ કોઈ પણ પગલા લીધા નહીં . કોની કોની ઉપર પગલા ભર્યા? શું કાર્યવાહી અત્યાર સુધી કરવામાં આવેલી આ મિલ્કતમાં ચૂકાદામાં સ્પષ્ટ પણે લખવામાં આવ્યું છે? કે આ મિલ્કતમાં નિર્મલાબેન વસંતલાલ જરીવાલાની માલીકીના સર્વે નં૪૮૫ પ્લોટ નં.૪૯–અ બહુચરનગર

કો.ઓ. સો. વેડરોડ સુરતની છે જેના માલીક નિર્મલાબેન વસંતલા જરીવાલા છે જયારે આ મિલ્કતમાં પચાવી પાડનાર ઉ.દ.જ. ને ચુકાદામાં સ્ટેમ્પ રૂા.૪૭૮૦/– ભરવાનો ઓર્ડર થયો છે. તો તેના માટે શું કાર્યવાહી અત્યાર સુધી કરી તેની માહિતી મેળવવા માટે અરજી કરેલ છે. (૫) એસએમસીના દિપક શુકલને તમામ પુરાવા આપવા છતાં વેરો ભરવા છતાં જજમેન્ટની નકલો આપવા છતાં અમારું નામ આકારણી ખાતે અને વેરાબીલમાં કેમ ચઢાવવામાં આવ્યું નથી. કયા કારણસર? તથા ઉત્તમરામ દલપતરામ જરીવાલા પાસે લવાદીક કરાર ૧૯૮૬ નો રજૂ કરેલ તે અને નિર્મલાબેન વસંતલા જરીવાલા ની એફીડેવીટ પર કરેલી સહી તમામની ઓરીજનલ કોપીઓ ૫ વ્યકિત રૂબરૂ જોવાનું રાખશો તો સત્ય હકીકત તમોને ખબર પડશે તો આ બાબતમાં આપ સાહેબે ૧ વર્ષ પુરું થયું છતાં પણ કોઈ કાર્યવાહી અત્યાર સુધી કરી નથી. કે હમોને રૂબરૂ બોલાવવાના હતા તે પણ બોલાવવામાં આવ્યા નથી. તેની તમામ અત્યાર સુધીની માહિતી મેળવવા. (૬) એસએમસી નોર્થઝોનમાં સર્વે નં.૪૮૫ વાળી મિલ્કતમાં પ્લોટ નં.૪૯–અ અને બ બહુચરનગર કો.ઓ. સોસા.માં ઉત્તમરામ દલપતરામ જરીવાલા નું નામ ચઢાવવામાં આવ્યું ત્યારે સોસા.માં કેમ તપાસ કરી નહીં આ મિલ્કતના માલીક કોણ બોલે છે તેનો મેન્ટેનન્શનો ખર્ચ કોણ કરેલ. તે તમામની તપાસ કરી નહી તેની અત્યાર સુધીની માહિતી આરટીઆઈ મુજબ મેળવવા (૭) ઉત્તમરામ દલપતરામ જરીવાલા એ જેને વેચાણ આપ્યું તે કેમ વેરો ભર્યો નહીં કયા કારણસર તેમની ઉપર કાયદેસર પગલા કેમ ભર્યા નહીં નોટીસ કેમ આપી નહીં તેની તમામ માહિતીઓ અત્યાર સુધીની આપવા . (૮) ઉત્તમરામ દલપતરામ જરીવાલા નું પહેલું નામ ચઢયું ત્યારે એસએમસી નોર્થઝોનને કોઈ ફી લીધી હશે કે નહીં તેની રસીદો આપવામાં આવી હશે કે નહીં તેની સહી સિકકાવાળી નકલ આરટીઆઈ મુજબ મેળવવા. આમ અરજદારે ઉકત મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી બાબતે દિન–૩૦ કોઈ પ્રતિભાવ ન મળતા નારાજ થઈ અરજદારે તા.૫–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એન.ઝેડ/એઆરડી/૧૧૮ તા.ર૩–૬–૧૦ થી પૂરી પાડેલ પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ અરજદારને પત્ર નં.એન.ઝેડ/એઆરડી/આ.નં.૧૩૭ તા.૩૧–૫–૧૦ થી અરજદારને "સદર અરજીના સંદર્ભે અરજી બાબતે તમારું આ અગાઉ ઝોન કચેરીએ આપવામાં આવેલ તા.૯–૬–૦૯ ના રોજનું નિવેદન તેમજ ઝોન કચેરીથી પાઠવવામાં આવેલ પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૪૦૯ તા.૧૨–૮–૦૯ ધ્યાને લેતાં તમારી ઉપરોકત અરજી બાબતે કશું કરવાનું રહેતું નથી જે જાણશો" તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેની સાથે અરજદારને પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૪૦૯ તા.૧૨–૮–૦૯ થી આપેલ પત્રની નકલ રજૂ કરેલ છે. જેમાં અરજદારની ૧. તા.ર૮–૭–૦૮ ર. તા.ર–૩–૦૯ ૩. ૧–૪–૦૯ ૪. તા.૯–ર–૦૯ ૫. તા.૧૦–ર–૦૯ ૬. તા.ર૦–ર–૦૯ ની આરટીઆઈ હેઠળની અરજીઓ સંદર્ભ આપેલ છે અને જણાવેલ છે કે શ્રી" વસંતલાલ દલ પતરામ જરીવાલાએ ડે.કમિ.શ્રી (પએનઈ) સમક્ષ તા.૯–૬–૦૯ ના રોજ રજૂ કરેલ નિવેદન મુજબ આપને આરટીઆઈ એકટ અંતર્ગત તમામ માહિતી મળી ગઈ છે એમ જણાવેલ છે. જેથી આરટીઆઈ એકટ અન્વયે તમારી ઉપરોકત સંદર્ભ–૧ થી ૩ માં જણાવેલી અરજીઓ દફતરે કરવા તમોને ઝોન કચેરીના પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૧૭૭ તા.૮–૫–૦૯ થી જણાવેલ તેમજ તમારા સદર નિવેદનમાં જણાવ્યા મુજબ તમોને તમામ માહિતી મળી ગઈ છે એમ જણાવેલ છે. જેથી તમારી સંદર્ભમાં જણાવેલ નં.૪ થી ૬ મુજબની અરજીઓ દફતરે કરવામાં આવે છે. તદઉપરાંત સદર નિવેદનમાં જણાવ્યા મુજબ નામદાર કોર્ટમાં પ્રોપરદાવા ૪૫/૮૯ મુજબ સદર મિલ્કત નિર્મલાબેન વસંતલાલ જરીવાલાના નામે તબદીલ થયેલ છે પરંતુ આ બાબત નામદાર કોર્ટના વિવરણમાં જણાવેલ છે. જે તમોએ માહિતી અધિકાર અધિનિયમ અન્વયે પુરાવાઓ નામદાર કોર્ટમાં રજૂ કરેલ તેના આધારે જણાવેલ છે. પરંતુ મિલ્કત નિર્મલાબેન વસંતલાલ જરીવાલાના નામે તબદીલ કરવા અંગે હુકમ થયેલ હોય તો અદાલતમાંથી હુકમનામું મેળવી રજૂ કર્યેથી તે બાબતે કાર્યવાહી કરવામાં આવશે." તેવું જણાવેલ છે. તથા અરજદારને સરખી માહિતી બાબતે અગાઉની અરજીઓ બાબતે પત્ર નં.એન.ઝેડ/એઆરડી/ર૪ર તા.ર–૬–૦૯ થી અરજદારને ઈન્સ્પેકશન પણ આપવા પત્ર પાઠવેલ છે અને જે બાબતે તા.૯–૬–૦૯ ના રોજ નિવેદન પણ કરેલ છે. આમ અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી તરફથી પ્રતિભાવ નહીં મળ્યા અંગેની રજૂઆત કરેલ છે જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૧૩૭ તા.૩૧–૫–૧૦ થી જવાબ કરવામાં આવેલ છે જેમાં અરજદારની અગાઉની અરજીઓના સંદર્ભ જણાવેલ છે. પરંતુ અરજદારની મુળ અરજીના મુદ્દાઓ વેચાણ અંગેના કબ્જા રસીદ ૧૯૮૬ ના લવાદી કરારની કોપી , નામે ચઢાવવા બાબતની વિગત, એફીડેવીટની કોપી મિલ્કત બાબતની ચકાસણી વેરો ભર્યા અંગે લીધેલા પગલા અને નોટીસોની વિગત, ઉત્તરામ દલપતરામે કરેલ કોઈ ફી કે વેરાની રસીદ વિગેરેની માહિતી સંદર્ભે માહિતી આપવામાં આવેલ જણાતી નથી. આરટીઆઈ કાયદાની કલમ–૬(૧) હેઠળ દરેક અરજી સ્વતંત્ર છે અને તેની સ્વતંત્ર માહિતી આપવાની રહે છે. જેમાં અરજદારની સરખી વિગતેની માહિતીના મુદ્દામાં અરજદારને અગાઉ આપેલ માહિતીનો સંદર્ભ આપી શકાય. જો માહિતી ત્રાહિત વ્યકિતને લગતી હોય તો કલમ–૧૧ હેઠળની પણ કાર્યવાહી કરવાની રહે છે. પરંતુ પ્રસ્તુત કેસમાં અરજદારની અપીલ હેઠળની અરજી બાબતે તેવી કોઈ પ્રક્રિયા હાથ ધરાયેલ જણાતી નથી કે માંગેલ ૧ થી ૮ મુદ્દા પૈકીની ઉપલબ્ધ દફતરી હકીકતલક્ષી માહિતી આપવામાં આવેલ નથી. માહિતીના ઈન્કાર માટે કલમ–૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૫–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જરૂર જણાય તો આરટીઆઈ કાયદાની કલમ–૧૧ ને અનુસરી ત્રાહિતને સ્પર્શતી માહિતી અંગે કલમ–૧૧ હેઠળ ઉચિત નિર્ણય લઈ તે મુજબ અરજદારને સુચિત કરવા તથા તે સિવાયની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી મુદ્દાવાઈઝ અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૧૫ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(પએનઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પએનઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)... ..જાણ તથા અમલ માટે
(ર) શ્રી નિર્મલાબેન વસંતલાલ રાણા ,